સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૧-૨, જાન્યુઆરી/ફેબ્રુઆરી - ૨૦૧૪
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-




શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત ઉજવાયેલ
જૂનાગઢધામને આંગણે દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ










આ **મહામંત્ર મહોત્સવ**માં લાખોની સંખ્યામાં હરિભક્તો ઉમડી પડ્યા હતા. એક તબક્કે તો વિશાળ જગ્યા પણ ખોબા જેવડી લાગવા લાગી હતી. **૬૦૦X૪૦૦ ફૂટ** ડોમનો વિશાળ **સભામંડપ** હોવા છતાં હરિભક્તોની સંખ્યા વધી જતા રાતોરાત બાજુમાં **બીજો ૮૦X૫૦૦ મંડપ** ઊભો કરવામાં આવ્યો હતો. લક્ષાવધિ ભાવિક ભક્તોથી શોભતો **સભામંડપ** જાણે **અક્ષરધામની સભા** શોભતી હોય એવો દેદીપ્યમાન ભાસતો હતો.







સમગ્ર મહોત્સવ દરમ્યાન પ.પૂ. અ.સૌ. માતુશ્રી, બંને પ.પૂ. વહુજી મહારાજ, બંને પૂ. બહેનશ્રીઓ, પૂ. લાલીરાજા સહિત સમગ્ર ધર્મકુળ પરિવાર ઉપસ્થિત રહીને સ્ત્રીભક્તોને સમીપ દર્શનનો લાભ આપ્યો હતો.














જૂનાગઢને આંગણે **શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ**માં **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં અને **પૂ. સંતો-પાર્ષદો** તથા અસંખ્ય હરિભક્તોની ઉપસ્થિતિમાં ઝીટીવી પ્રસ્તુત **'સારેગમપ લીટલ ચેમ્પ'**ના રનરઅપ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **બાળકલાકારો** શ્રી અનમોલ ખત્રી, શ્રી સ્વરિત શુક્લ અને શ્રી નીલાદ્રિ ચેટરજીના સુમધુરકંઠે તથા સંગીતકાર રવિ વ્યાસના સંગીત સૂરો સાથે રેલાયેલો

# કીર્તન ભક્તિ સંધ્યા



**મહામંત્ર મહોત્સવમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા ધર્મકુળ પરિવારના લાડકવાયા બંને**

**પ.પૂ બાળલાલજી મહારાજશ્રી**



# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨ | અંક :- ૧-૨ | તા. ૨૦-૦૨-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

:: લેખન / સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપભગત

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**Visit us :** www.sardharkatha.net

www.swaminarayanvadtalgadi.org

**E-mail :-** sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષઃ રૂા. ૧૬૦/-

પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.

## અનુક્રમણિકા

૧ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ ૦૬
૨ શ્રી સ્વા. મહામંત્ર મહોત્સવનું દિવ્ય-ભવ્ય દર્શન ૧૨
૩ વિજયસ્તંભ ધ્વજારોપણ-મહોત્સવ પૂર્વતૈયારી ૧૪
૪ સુવર્ણ પદ્મશિલા અનાવરણવિધિ ૧૮
૫ મહામંત્ર અખંડધૂન ૧૯
૬ દિવ્ય પોથીયાત્રા ૨૦
૭ દિપ પ્રાગટ્ય તથા મહોત્સવ ઉદ્‌ઘાટન ૨૧
૮ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ ૨૨
૯ ધર્મ ઘેર આનંદ ભયો,જય બોલો શ્રી ઘનશ્યામ કી... ૨૩
૧૦ ધર્મધુરા ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ ૨૫
૧૧ શ્રી સ્વા. મહામંત્ર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી ૨૬
૧૨ અન્નકૂટ મહોત્સવ ૨૭
૧૩ શ્રીહરિ સંગે કરીએ રાસોત્સવ ૨૮
૧૪ ધર્માચાર્ય - સંત સંમેલન ૩૦
૧૫ ફરેણી જ્યોત તથા શ્રીહરિ યાગ મહાયજ્ઞ ૩૨
૧૬ મહામંત્ર મહોત્સવમાં ચાર-ચાર વિશ્વ વિક્રમો ૩૪
૧૭ જૂનાગઢ શહેરમાં હાથીની અંબાડી પર શોભાયાત્રા ૩૮
૧૮ સાંસ્કૃતિક કાર્યક્રમો ૪૦
૧૯ પાકશાળા તથા મહાપ્રસાદ... ૪૨
૨૦ મહોત્સવના યશસ્વી યજમાનોનું અભિવાદન ૪૪
૨૧ મહોત્સવના સેવાભાવી સેવાર્થીઓને અંતરના આશીર્વાદ ૪૮
૨૨ મહોત્સવ પ્રસંગે નૂતન પ્રકાશનો ૪૯
૨૩ મહામંત્ર મહોત્સવ અખબારની આંખે ૫૦
૨૪ મહોત્સવના દ્વારે રાજકિય-મહાનુભાવો ૫૨
૨૫ સત્સંગ સમાચાર પત્રિકા ૫૩
૨૬ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સત્સંગ પરિભ્રમણ ૫૮
૨૭ મહોત્સવો તથા કથાપારાયણો તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની તિથિ-તારીખ ૫૯

हमारा लक्ष्य ચેનલ પર

હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...

દિવ્ય અમૃતવાણી

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

Online
www.lakshyatv.com

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦, અમિત પારેખ - ઉમરેઠ, મો. ૯૬૨૪૧૭૭૬૪૫. જયેશ ટાંક - કાંદિવલી, મો. ૯૩૨૪૦૬૦૯૪૭. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, જીગ્નેશ પરમાર - વડોદરા, ચિરાગ પટેલ - બીલીમોરા, નિરવ પટેલ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત ઉજવાયેલ
જૂનાગઢધામને આંગણે **દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય**

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ

## એક અદ્વિતીય - અલૌકિક "જીવન સંભારણું"

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપભગત,** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**જીવન એટલે** સારા-નરસા પ્રસંગોની હારમાળા... જીવનમાં બનતા અગણિત પ્રસંગોમાંથી કેટલાય પ્રસંગો સમયના ઘસારે ભુસાઈને વિસરાઈ જતા હોય છે, તો અમુક પ્રસંગો અવિસ્મરણીય સંભારણા બની જતા હોય છે. એવું જ એક અવિસ્મરણીય સંભારણું માત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય જ નહિ, પરંતુ સમગ્ર સનાતન હિન્દુત્વના ઉજળા ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોએ કંડારાઈ ગયું. અને એ છે ઐતિહાસિક નગરી **જૂનાગઢ**ને આંગણે ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય દ્વિતીય ચરણ '**શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ**'

આ દિવ્યાતિદિવ્ય મહામહોત્સવની **નોંધ** વિશ્વભરના મનીષિઓએ લીધી. એવું શું ખાસ હતું આ મહોત્સવમાં કે જેણે લાખો હૈયાઓને ઘેલું લગાડ્યું...? આ એક **પ્રશ્ન**નો યથાર્થ **ઉત્તર** મેળવવા માટે મહોત્સવની એ અપ્રતિમ ક્ષણોના સાક્ષી જ બનવું પડે. કારણ કે, આ મહામહોત્સવની ભવ્યતાની સાથે-સાથે બેનમુન દિવ્યતા 'મેગેઝિન સાઈઝ'ના ચંદ કાગળો ઉપર જેમ છે તેમ યથાર્થ ટાંકવી મુશ્કેલ નહિ, પરંતુ અશક્ય છે...!! એ દિવ્યતા અને ભવ્યતાની **મહાન યશોગાથા** યુગો સુધી જનસમાજના સ્પંદનોમાં ધબકતી રહેશે અને શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો **દિવ્ય સંદેશો** વિરાટ વસુંધરાના ખૂણે-ખૂણે પહોંચાડતી રહેશે...!!!

મહાપુરુષોએ આરંભેલા કોઈપણ શુભકાર્યની ક્યારેય વાસ્તવિક પૂર્ણાહુતિ હોતી જ નથી. તેમ છતાં જે ઔપચારિક કે વ્યવહારિક પૂર્ણાહુતિ હોય છે તે પણ બીજા નવા અને વધુ દમદાર શુભકાર્યની શરૂઆત માટે જ હોય છે. આ પૌરાણિક વાયકા તાદૃશ થઈ ઈ.સ. ૨૦૧૦માં અક્ષરધામતુલ્ય તીર્થધામ ગઢપુરમાં શ્રી લક્ષ્મીવાડીની સ્મૃતિભૂમિ ઉપર શ્રી લક્ષ્મીનારાયણ દેવ દક્ષિણ વિભાગ વડતાલદેશ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ સંકલ્પથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ ૩૬૫ કરોડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના **આશીર્વાદ પ્રવચન**માં કહ્યું હતું કે, આ મહોત્સવ '**ન ભૂતઃ**' જરૂર બન્યો છે, પરંતુ '**ન ભવિષ્યતિ**' વાક્યનો ઉચ્ચાર ભૂલે પણ ન કરતા. કારણ કે, આપણે તો હજુ બે ગામના સીમાડા ભેગા થાય એવડા મોટા-મોટા મહોત્સવો ઉજવવા છે. અને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ આચાર્ય પરંપરા અને નંદસંતોનો જે સંકલ્પ હતો કે '**પાંદડે પાંદડે શ્રી સ્વામિનારાયણ**' **મહામંત્રનું લેખનકાર્ય** થાય ત્યારે સત્સંગ થયો જાણવો. તે સંકલ્પને પૂર્ણ કરવો છે. ગઢપુરના એ મહામંત્ર મહોત્સવની પૂર્ણાહુતિ વેળાએ લાખો હરિભક્તોની વિરાટ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અનંત જીવાત્માઓના કલ્યાણના મહાન આશયથી પોતાના આશ્રિતજનો દ્વારા પ્રૌઢ પ્રતાપી '**શ્રી સ્વામિનારાયણ**' મહામંત્રનું હજુ વધુને વધુ ભજન થાય અને ભજન કરવાનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે પોતાના મુખકમળથી મહાન પ્રસાદિભૂત તીર્થધામ જૂનાગઢમાં આગામી આંતરરાષ્ટ્રીય દ્વિતીય ચરણ '**શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ**'ની ઉદ્‌ઘોષણા કરી ત્યારથી આ વિશ્વવિક્રમી મહામહોત્સવના શ્રીગણેશ થઈ જ ગયા હતા...!!!

ખેતીલાયક જમીન પર બીનજરૂરી ઉગેલા બાવળીયાની જેમ વધતી જતી મોંઘવારી અને કૃષ્ણપક્ષમાં સૂર્યાસ્ત પછીના નિડંબ અંધકારની જેમ ચારેબાજુ પ્રસરાતી જતી આંધળી આધુનિકતાથી સપડાયેલી એક-બીજાથી આગળ નીકળી જવાની હરિફાઈઓથી દોડ-ધામ ભરી જિંદગીમાં માણસને કુટુંબ-પરિવાર, સગા-સબંધી, મિત્રો સાથે બેસીને નિરાંતે એક ટંકનું ભોજન જમવાનો પણ સમય નથી મળતો. એવા કહેવાતા હાઈ-ફાઈ જમાનામાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કરેલો ૭૩૦ કરોડ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર લેખનકાર્યનો **વિરાટ સંકલ્પ** દુનિયાદારીમાં રાચતા બુદ્ધિજીવીઓને તો અશક્યપ્રાયઃ જ લાગતો હતો. પરંતુ ગ્રંથશિરોમણિ 'શિક્ષાપત્રી'ના એક-એક શ્લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જેમને '**મદુપાશ્રિતાઃ, મચ્છિષ્યાઃ**' વગેરે ઘણા વિશેષણો આપીને 'આ મારા છે...' એમ કહ્યું છે. એવા **લાખો હરિભક્તો**એ પ્રભુના પનોતાપુત્ર પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આ દિવ્ય સંકલ્પને સાકાર કરવા માટેની **ઝૂંબેશ** ઉઠાવી.

મહામંત્ર લેખનકાર્યની સ્વયં સંચાલિત આ ઝુંબેશમાં નહોતું કોઈ એકમાત્ર આગેવાન; પરંતુ જે કોઈ કાર્યકર કે કોઈ સેવક, આબાલ-વૃદ્ધ સ્રી-પુરુષ, ગામ-નગર, ઘર-સીમ, કારખાનું-













કાર્યાલય, મંદિર કે મુસાફરી જ્યાં જેને જેટલો અવકાશ મળ્યો ત્યાં તે **લેખનકાર્ય**માં લાગી ગયા. હાથથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું મંગળ લેખનકાર્ય અને હૃદયના ઊંડાણથી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની સલુણી મૂર્તિની અખંડ સ્મૃતિના પ્રતાપે કેટલાય પતિત જીવાત્માઓ પાવન થયા. કેટલાય ધર્મવાન બન્યા. ભરાડીઓ ભગવાન શ્રીહરિના એકાંતિક ભક્ત બન્યા. મહામંત્ર લેખનકાર્ય જેમ-જેમ આગળ વધતું ગયું તેમ-તેમ ચોતરફ **માંગલ્ય** પથરાવા લાગ્યું. અહીં એ લખવું જરાપણ અતિશયોક્તિ નથી કે, મહામંત્ર લેખનકાર્યનો જ એ **શુભપ્રભાવ** છે કે તે ગુજરાત રાજ્ય - રાજકીય, આર્થિક, સામાજિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક વગેરે અનેક ક્ષેત્રોમાં હરણફાળ ભરી ગયું...!!!

ખેર, લેખનકાર્યની ગાથા તો બહુ વિશાળ અને રસાળ છે. પરંતુ તે કહીશું તો ગામો-ગામના એ તમામ આબાલ-વૃદ્ધ સ્ત્રી-પુરુષોના નામોનો ઉલ્લેખ કરવો પડશે કે જેમણે કલમની શાહીની સાથે-સાથે હૃદયની ઊર્મિઓનો રસ મેળવીને તન અને મનથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું **લેખનકાર્ય** કર્યું છે. કારણ કે, તમામ ભક્તોને લેખનકાર્ય દરમ્યાન ઘણી બધી દિવ્ય પ્રેરણાઓ મળી છે, દિવ્ય સંકેતો મળ્યા છે અને ભગવાનના સાક્ષાત્કારના અનુભવો પણ ઘણાને થયા છે. પરંતુ એ શબ્દનો વિષય નથી માટે આપણે ૭૩૦ કરોડ મહામંત્ર લેખનકાર્યનું તાજેતરનું - અંતિમચરણ એટલે કે આંતરરાષ્ટ્રીય દ્વિતીય ચરણ **'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ'**ની અદ્વિતીય-અલૌકિક **દિવ્યતા** કે જે લાખો માનવોનું **'જીવન સંભારણું'** બની ગઈ છે તેને કાગળના ચોકઠામાં કંડારવાનો **વિનમ્ર પ્રયાસ** કરીએ.

જે મહામહોત્સવના શુભારંભથી પૂર્ણાહુતિ થતાં સુધીમાં ચાર-ચાર **વિશ્વ વિક્રમો** સ્થાપિત થયા. એવા આ ભવ્યાતિભવ્ય શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવના વિજયસ્તંભ આરોહણથી પૂર્ણાહુતિની એક-એક ક્ષણ **એક મહાન ઈતિહાસ** રચી જાય છે. તે પછી એક છેડેથી લઈ સામે છેડે દોડીને પહોંચવામાં ઓલેમ્પિકના દોડવીર પણ હાંફી જાય એટલી વિશાળ મહોત્સવ સ્થળની ભૂમિ હોય ! કે પછી તાલુકાની લાયકાત ધરાવતા મોટા ગામ કરતા પણ વધારે વ્યક્તિઓ મહોત્સવ દરમ્યાન જ્યાં પોતાના ઘરની જેમ જ છૂટ-છાટથી રહી શકે એવી સુવ્યવસ્થિત સુવિધાવાળા ઉતારા વિભાગ હોય ! કે પછી જેમાં સંપ્રદાયના નિયમો પ્રમાણે પવિત્રપણે અને સ્વાદિષ્ટ રસોઈ કરતા રસોઈયાઓને વ્યવસ્થિત સંચાલન કરવા માટે મુખ્ય રસોઈયા મહારાજ પાસે મોટી કથાપારાયણના સભામંડપમાં હોય એવડા મોટા એમ્પ્લીફાયર સાઉન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે એવી વિશાળ પાકશાળા હોય ! કે પછી.... હવે ભોજનશાળા કેવડી હશે એ કહેવાની જરૂર છે...?? દર્શન કર્યા હોય તો અહોભાગ્ય !! નહિતર કાં તો પાકશાળા એટલે કે જ્યાં રસોઈ બનેલ છે તે સ્થળના વર્ણનથી કલ્પના કરી લેજો અને જો કલ્પનામાં ન આવે તો આધુનિક યુગની આધુનિકતાનો ફાયદો ઉઠાવી DVDમાં દૃશ્યશ્રાવ્ય દ્વારા નિહાળી લેજો. હા.., આપણે વાત કરતા હતા કે, આટલી

વિશાળ વ્યવસ્થામાં એવી તો ભોજનશાળા હોય ! કે પછી જેના એક છેડે ઊભા રહીને જોઈએ તો સામેના છેડે બનેલા ૧૫૦x૮૦ ફૂટના ઘેરાવાવાળા વિશાળ સભામંચ ઉપર મહામંત્રની ઉદ્‌ઘોષણા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણની વિશાળ મૂર્તિ ઘરમંદિરમાં બિરાજતા ઠાકોરજી જેવી દેખાય એટલો વિશાળ સભામંડપ હોય ! આ બધું એક સપનાની નગરી જેવું **કાયમનું સંભારણું** જ બની ગયું છે.

તા. ૨૨-૧૨-૨૦૧૩ માગશર વદ ૫ના રવિવારના મંગળ પ્રભાતે સોરઠ પ્રદેશના ધીંગા ધણી જેમને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સિદ્ધોની ભૂમિ જૂનાગઢમાં સુંદર, રમણીય અને કલાત્મક મંદિરનું નિર્માણ કરાવીને બાથમાં લઈને સ્વહસ્તે પધરાવ્યા છે એવા **શ્રી રાધારમણ દેવ, શ્રી રણછોડ-ત્રિકમરાયજી અને શ્રી સિદ્ધેશ્વર મહાદેવના દિવ્ય દર્શન** કરીને તેમની છત્રછાયાને પોતાની સાથે લઈને બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરના શિખરની નવ્ય **સુવર્ણ પદ્મશિલાની** સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત પ્રમાણે **અનાવરણવિધિ** કરી. ત્યારબાદ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની નવદિનાત્મક **અખંડધૂન**નો સ્વમુખે **પ્રારંભ** કરાવીને પોથીયાત્રા માટે જવાની તૈયારી કરી ત્યારથી મહોત્સવની શરૂઆત તો થઈ જ ગઈ હતી.

ઝાંઝરડા રોડ સ્થિત હવેલી મંદિરથી મહોત્સવ સ્થળ ગ્રીનસીટી સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોના દિવ્ય સાનિધ્યમાં, વિશાળ સમુદાયમાં **ભવ્ય પોથીયાત્રા** દબદબાપૂર્વક આ આંતરરાષ્ટ્રીય મહામહોત્સવના શુભારંભની ઘડીઓની ચાડી ખાતી હતી. આ વિશાળ પોથીયાત્રામાં મહામંત્ર મહોત્સવ અંતર્ગત થનારી સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન કથાપારાયણના ત્રણેય મૂર્ધન્ય **વિદ્વાન વક્તાશ્રીઓ** - જૂનાગઢ મંદિરના ચેરમેન પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા દેશ-વિદેશમાં પ્રખ્યાત સંપ્રદાયના સુપ્રસિદ્ધ વક્તા સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી (બગસરા)ની સાથે અનેક બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ લાખોની સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા.

નાચતા-કૂદતા આનંદ કલરવ કરતા પ્રભુભજનમાં મગ્ન બનેલા ભક્તોના સંગમાં **શોભાયાત્રા** જ્યારે મહોત્સવ સ્થળ સુધી પહોંચી ત્યારે સભાના રૂપમાં પરિવર્તિત થઈ ગઈ. બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળોથી પોથીજી યથાસ્થાને પધરાવીને પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વડીલ પૂ. સદ્‌ગુરુ સંતોના વરદ્ હસ્તે મહોત્સવ પ્રારંભે **દિપપ્રાગટ્ય** થયું. અને ત્યારપછી શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના ઉત્સાહી યુવાનો દ્વારા **'આવ્યો મહોત્સવ, જૂનાગઢ આંગણિયે મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ...'** નૃત્યગીત રજૂ કરીને મહોત્સવનું **ઉદ્‌ઘાટન** કર્યું.

ત્યારપછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શબ્દપુષ્પ-આશીર્વાદથી વિધિપુરઃસર મહોત્સવનો **શુભારંભ** કર્યો ત્યારે વિશાળ સભામંડપ











ગગનભેદી **જયનાદ**ના પડઘમથી ગૂંજી ઉઠ્યો હતો...!!!

પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ અનુમતિ સાથે પૂ. ચેરમેન સ્વામીએ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન' કથાનું શુભ **મંગળાચરણ** કર્યું અને બપોર પછી સત્રમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની અદ્ભુત શૈલીમાં સંગીતના કલરવ સાથે શ્રી સત્સંગિજીવન ગ્રંથ માહાત્મ્યભાગની **મધુરગાથા** સંભળાવીને લાખો શ્રોતાઓને કથારસમાં તરબોળ કરી દીધા. મહોત્સવના **શુભ પ્રારંભ**નો એ **દિવસ** કે જેની લાખો ભક્તો આતુરતાથી રાહ જોતા હતા. તે સોનેરી પળોની સાંકળેથી બાંધ્યો હોવા છતાં હરિકથાના આનંદમાં ડૂબી ગયેલા ભક્તોના હાથમાંથી કેમ સરકી ગયો તેની ખબર જ ન રહી અને સૂર્યાસ્ત થઈ ગયો, બીજા દિવસના નવા આનંદને લૂટવા માટે. પરંતુ બીજા દિવસનો સૂર્ય મહોત્સવનો **મહામૂલો લાભ** લે એ પહેલા કૃષ્ણપક્ષની એ રાત્રિમાં આખુંય મહોત્સવ સ્થળ તેમજ જવાહર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર પરિસર અવનવી રોશનીથી ઝગમગવા માંડ્યું. તેની દિવ્યતાના દર્શન કરવા માટે જાણે આકાશમાર્ગે દેવતાઓ પોતાના વિમાન લઈને આવ્યા હોય તેમ માગશર મહિનાના ખુલ્લા આકાશમાં તારાઓ ટમટમતા હતા...!!!

જેમ જેમ દિવસ પસાર થતા જાય તેમ તેમ આ મહામહોત્સવની રોનકમાં નિખાર આવતો જતો હતો. એકબાજુ ત્રણેય **મૂર્ધન્ય વક્તાશ્રીઓ** શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથાના એક-એક પ્રસંગને પોતાની આગવી ભાવવાહી શૈલીના અલંકારોથી સજાવીને ૬૦૦x૪૦૦ ફૂટના વિશાળ સભામંડપમાં સેંકડો શ્રોતાઓ અને લક્ષ્ય ચેનલ તેમજ ઈન્ટરનેટના માધ્યમથી લાભ લઈ રહેલા લાખો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા. તો બીજીબાજુ દરરોજના **વૈવિધ્યપૂર્ણ રાત્રિ કાર્યક્રમો**માં દેશ-વિદેશમાં પ્રખ્યાત **વિધ-વિધ કલાકારો** પોતાની કલાઓના થાળો ભરી-ભરીને શ્રોતાઓને છૂટેદોર પીરસતા હતા. એવી તો **માધુરી** શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી ભગવાન શ્રીહરિએ ભક્તોને લગાડી હતી કે, જાણે માનવ મહેરામણ ઉભરાણો હોય એટલી ઉમદા સંખ્યામાં પધારેલા લક્ષાવધિ ભાવિક ભક્તોથી શોભતો **સભામંડપ** જાણે **અક્ષરધામની સભા** શોભતી હોય એવો દેદીપ્યમાન ભાસતો હતો.

શ્રી ઘનશ્યામ જન્મોત્સવ હોય કે, જેતપુર ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ હોય, મહામંત્ર પ્રાગટ્ય હોય કે અન્નકૂટ ઉત્સવ હોય, ફૂલદોલોત્સવ હોય કે લોયાનો દિવ્ય શાકોત્સવ હોય કે પછી પંચાળાનો દિવ્ય રાસોત્સવ હોય. કથાના **દરેક પ્રસંગ** હૃદયને સ્પર્શી જતા હતા. તો મહોત્સવ અંતર્ગત થયેલા સમગ્ર સનાતન હિન્દુ ધર્માચાર્ય-સંત સંમેલનમાં પધારેલા અનેક વંદનીય સંતોના આધ્યાત્મિક તેમજ સમાજ વિકાસના **નવા વિચારો** જીવન જીવવાનો **સાચો માર્ગ** ચીંધતા હતા.

મહોત્સવનો સૌથી ઊંડો રંગ ત્યારે જામ્યો જ્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની નવગજા હાથી પર **નગરયાત્રા** નીકળી. દિવસ હતો સં. ૨૦૭૦ માગશર વદ ૧૧ તા. ૨૯-૧૨-૨૦૧૩નો. તે દિવસે લાખોની સંખ્યામાં ઉમટેલા ભક્ત સમુદાયે જૂનાગઢનગરના **વિશાળ રાજમાર્ગો** પણ સાંકડા કરી નાખ્યા હતા. આ દિવ્ય શોભાયાત્રામાં લાખોની સંખ્યામાં ભક્તો હોવા છતાં **શિસ્તતા** એવી અજોડ હતી કે આખી શોભાયાત્રા દરમ્યાન એક પણ સરકારી સુરક્ષાદળના માણસની જરૂર જ ન પડી. કદાચ, આ જ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ મહોત્સવમાં સદા ઉપસ્થિત રહ્યાનો એક **પુરાવો** બની શકે તેમ છે.

સંપ્રદાયમાં પ્રખ્યાત કીર્તનમંડળી શ્રી દેવ-ઉત્સવ મંડળ-રાજકોટની **કીર્તન-આરાધના**એ મહોત્સવમાં ભક્તિના સૂર પૂર્યા હતા તો, અખિલ ભારતીય શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના યુવાનો દ્વારા રજૂ થયેલા **વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો** મનોરંજનની સાથે-સાથે જીવનરાહના સુંદર માર્ગો ચિંધતા હતા. લોકલાડીલા સાહિત્યકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવીની જ્ઞાન



સાથેની હળવી **રમુજો** શિયાળાની રાત્રિમાં પણ કંઈક અનોખી હૂંફ આપતી હતી તો, ઝીટીવી પ્રસ્તુત 'સારેગમપ લીટલ ચેમ્પ'ના રનરઅપ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **બાળકલાકારો** શ્રી અનમોલ ખત્રી, શ્રી સ્વરિત શુક્લ અને શ્રી નીલાદ્રિ ચેટરજી જેવા ઈન્ટરનેશનલ મધુર સુરીલા ગાયકો જ્યારે ભગવાન શ્રીહરિના આશ્રિત બનીને ભભકાદાર તિલક-ચાંદલા અને કંઠમાં તુલસીની કંઠી સાથે જ્યારે મંચ પરથી **'ભક્તિ સંધ્યા'**માં નંદસંતો રચિત કીર્તનપદોના સૂરો રેલાવતા હતા ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

ચાર-ચાર **વિશ્વ વિક્રમો** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે આ મહામહોત્સવના માધ્યમથી સ્થાપ્યા.

૧. પ્રથમ ચરણ શ્રી સ્વામિનારાયણ ૩૬૫ કરોડ મહામંત્ર મહોત્સવ - ગઢડા અને દ્વિતીય ચરણ શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ, આ બંને મહોત્સવથી **૧૦૯૫ કરોડ મહામંત્ર લેખન**નું કાર્ય સંપન્ન થયેલ છે. આ મહામંત્ર લેખનનું કાર્ય સંપન્નતાર્થે મુખ્ય મંદિરો અને હરિભક્તો દ્વારા **મંત્રપોથી** (પુસ્તિકા)માં **સહકાર** પ્રાપ્ત થયો હતો. તેમજ મહામંત્ર લેખનનું કાર્ય ધર્મકુળ પરિવાર અને સંતો-હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભારત, યુ.એસ.એ., કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, ફીજી, સ્વીત્ઝરલેન્ડ, સિંગાપુર આદિ દેશોમાં વસતા ભક્તોએ લાભ લીધો હતો.

૨. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના યુવાનો દ્વારા પ.પૂ. લાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેતૃત્વમાં **સૌથી વધુ નેત્રદાન** (૨૨૦૦૦)નો સંકલ્પ ફોર્મ ભરાવી અને એક વિશેષ સમાજલક્ષી વિશેષ સેવાના કાર્યમાં વિશ્વ વિક્રમની સ્થાપના કરી છે. જેમાં સૌપ્રથમ નેત્રદાનનો સંકલ્પ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** દ્વારા થયો અને પછી સમગ્ર ધર્મકુળ પરિવાર, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, સાંખ્યયોગી બહેનો તેમજ હરિભક્તોએ તે સંકલ્પ સાથે માત્ર એક કલાકમાં **૨૨૦૦૦** જેટલા **નેત્રદાન** (ચક્ષુદાન)ના **ફોર્મ** ભેગા થયા હતા.

૩. માત્ર બાર કલાકમાં **૩૫૨ દેહદાન**ના **સંકલ્પ**ના પણ ફોર્મ ભરવામાં આવ્યા હતા.

૪. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત તેમજ ઝીટીવી પ્રસ્તુત 'સારેગમપ લિટલ ચેમ્પસ'ના રનરઅપ અને ઈન્દોરના વતની **બાળ કલાકાર શ્રી સ્વરિત શુક્લ** (૧૩ વર્ષ)ના સુમધુર કંઠે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની **૧૦૮ હિન્દુસ્તાની શાસ્ત્રીય રાગો**માં ધૂન ગાઈને એક અદ્‌ભુત **વિશ્વ રેકોર્ડ** સ્થાપિત કર્યો.

ઉપરોક્ત ચારેય વિશ્વ વિક્રમોની નોંધ **'ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'** અને **'લીમકા બુક ઓફ રેકોર્ડ'** દ્વારા નોંધ લેવામાં આવી હતી.

આ દિવ્ય મહામહોત્સવનો **મુખ્ય ઉદ્દેશ** વિક્રમો સર્જવાનો નહિ, પરંતુ લાખો જીવાત્માઓ ભગવાન શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરીને **પરમપદ**ને પામી શકે એ જ હતો. એટલા માટે જ પ.પૂ. લાલજી મહારાજશ્રી સમગ્ર ધર્મકુળ પરિવાર સહિત આખા મહોત્સવ દરમ્યાન **દિવ્ય દર્શન** દેતા રહ્યા. અને દરરોજ દિવસમાં બે વખત પોતાના મંગલમય શબ્દપુષ્પો દ્વારા **આશીર્વચન** વરસાવતા રહ્યા. એમ કહી શકાય કે, આવા **દિવ્ય** અને **ભવ્ય** મહોત્સવ જ્યારથી બ્રહ્માંડની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં આ પૃથ્વી પર ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે મનુષ્યાકૃતિ વિચરણ કરતા હતા ત્યારે થતા હતા અને ત્યારબાદ બે સદીના સમયગાળા પછી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ સંકલ્પથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં જૂનાગઢમાં ઉજવાયો. તેથી જ આ મહામહોત્સવ માટે કહી શકાય **'ન ભૂતઃ.....'** પરંતુ આ મહોત્સવને **'ન ભવિષ્યતિ'** ન સમજી બેસતા. કારણ કે, હજુ **વડતાલધામને આંગણે** તૃતીય ચરણ **'શ્રી સ્વામિનારાયણ ૧૫૦૦ કરોડ મહામંત્ર મહોત્સવ'** બાકી છે.



ગુર્જરધરાના ગૌરવ સમાન, સૌરાષ્ટ્રની સૌભાગ્યવંતી ભૂમિમાં; ગિરનારની ગોદમાં ભવ્યાતિભવ્ય ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય દ્વિતીયચરણ

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવનું દિવ્ય-ભવ્ય દર્શન



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના લાડકવાયા સપૂત પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ અનંત જીવાત્માઓના કલ્યાણ માટે અંતઃકરણના ઊંડાણથી **દિગ્ગજ સંકલ્પ** કર્યો અને જોતજોતામાં તે સાકાર થઈ ગયો. ખૂબજ ટૂંકા સમયગાળામાં કલ્પનાતીત 'શ્રી સ્વામિનારાયણ **૭૩૦ કરોડ** મહામંત્ર'નું **લેખનકાર્ય** થયું. અને તેના **પુરશ્ચરણ**રૂપે ઉજવાયો સોરઠની ખમીરવંતી ધરા પર ગિરનારની ગોદમાં શોભતું, ભગવાન શ્રીહરિના પાવન ચરણારવિંદથી પ્રાસાદિક થયેલ સિદ્ધોની ભૂમિ જૂનાગઢ શહેરમાં આંતરરાષ્ટ્રીય દ્વિતીયચરણ **'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ.'** આ મહામંત્ર મહોત્સવના **દર્શનની ઝાંખી** આપણે પૂર્વના લેખમાં સમુદ્રમાંથી આચમનના ન્યાયે ટૂંકમાં કરી. હવે આ લેખના માધ્યમથી મહોત્સવના 'અથથી ઈતિ' સુધીના શુભપ્રસંગોમાં ઊંડા ઊતરી તેના સાક્ષી બનવાની થોડી કોશિશ કરીએ પણ **'Shortly & sweetly'**



# વિજયસ્તંભ ધ્વજારોપણ મહોત્સવ પૂર્વતૈયારી



**પ.** પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ **શુભમુહૂર્ત** જોઈને મહામંત્ર મહોત્સવ ઉજવણીની **શુભતિથિ** નિશ્ચિત કરી આપી. તેથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના **દિવ્ય સાનિધ્યમાં** સમગ્ર દક્ષિણ વિભાગ વડતાલ દેશના પૂ. વડીલ સંતો અને અગ્રગણ્ય આગેવાન હરિભક્તોની **સમિતિ** રચવામાં આવી અને યુદ્ધના ધોરણે કલ્પનાતીત વિશાળ મહોત્સવની પૂર્વતૈયારીઓની શરૂઆત થઈ ગઈ.

તા. ૨૦-૧૧-૨૦૧૩ના રોજ એટલે કે મહોત્સવ પ્રારંભના **એકમહિના પૂર્વે** પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે બ્રહ્મનિષ્ઠ સંતો અને કર્મનિષ્ઠ હરિભક્તોની ઉપસ્થિતિમાં **૩૦૦ વિઘા** જેટલા **વિશાળ મહોત્સવ** સ્થળ ઉપર **આંતરરાષ્ટ્રીય દ્વિતીયચરણ** 'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ' ઉજવણીના **વિજયસ્તંભનું આરોપણ** કરવામાં આવ્યું. બસ, આ જ દિવસથી આરંભીને સત્તાવાર રીતે મહોત્સવની **પૂર્વતૈયારીની શરૂઆત** થઈ ગઈ હતી.

સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી તથા બગસરાનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી ના શિષ્યમંડળના સંતો-પાર્ષદોની એક-એક ટીમ ૨૦૦થી વધુ **સેવાભાવિ હરિભક્તો**ની સાથે જૂનાગઢ પહોંચી ગઈ. ૩૦૦ વિઘા જેટલા વિશાળ મેદાન ઉપર કે જ્યાં પરદેશી બાવળનો વગડો હતો તેને જાત મહેનત તેમજ જે.સી.બી., ટ્રેકટર વગેરે યંત્રોની મદદથી ઉચ્છેદ કરીને **ભારે જહેમત** ઉઠાવીને જમીનનું લેવલીંગ કાર્ય કર્યું અને જમીનને મહોત્સવ કરવા યોગ્ય બનાવી.

વિશાળ મેદાન મહોત્સવ કરવા માટે યોગ્ય થયું એટલે **વિશાળ ડોમ** અને **સમિયાણા-મંડપ** તેમજ ડેકોરેશનના માલ-સામાન ભરીને ટ્રકો ત્યાં ઠલવાવા લાગી. ૩૦૦થી વધારે કારીગરો દિન-રાત કામ કરીને મંડપ નાખવા લાગ્યા. તા. ૨૦-૧૨-૨૦૧૩ના રોજ સભામંડપ માટે ૬૦૦x૪૦૦ ફૂટ સાઈઝનો વિશાળ ડોમ, પાકશાળા માટે વિશાળ મંડપ તેમજ જેને સૌરાષ્ટ્રના ગામડાઓની વસ્તીની ગણતરીએ એક તાલુકા સ્થળની સત્તા પ્રાપ્ત થઈ શકે એટલે તેટલી વ્યક્તિઓનો જેમાં સમાવેશ થાય એવા વિશાળ અને વ્યવસ્થાપૂર્વક **જિલ્લાવાઈઝ ટેન્ટ ટાઉનશિપ** એટલે કે ઉતારા માટેનો મંડપ તૈયાર થઈ ગયો.

લાખોની સંખ્યામાં આવનાર ભક્તજનોની ભીડને પહોંચી વળવા માટે મહોત્સવ પ્રારંભના ૮ દિવસ અગાઉથી જ આટલા આટલા ભવ્ય મહોત્સવની **ભોજન વ્યવસ્થા**ના ભાગરૂપે ફરસાણ અને મિષ્ટાનના ગંજો ખડકવાની **શરૂઆત** થઈ ગઈ હતી. સિધ્ધા-સામાનના ટ્રકો ભરાઈને પાકશાળાના સ્ટોરરૂમોમાં ભરાવા લાગ્યા.

**એક નજર મહોત્સવમાં વપરાયેલ સિધ્ધા-સામગ્રી પર...**

| ક્રમ | વસ્તુ/પદાર્થ | વજન |
|---|---|---|
| ૧ | ઘી | ૧૫૦૦ ડબ્બા |
| ૨ | તેલ | ૩૫૦૦ ડબ્બા |
| ૩ | ચણાદાળ | ૧૨૦૦ મણ |
| ૪ | ઘઉં | ૫૦૦૦ મણ |
| ૫ | ખાંડ | ૨૦૦૦ મણ |
| ૬ | ચોખા | ૧૦૦૦ મણ |
| ૭ | શાકભાજી | ૩૦૦૦ મણ |
| ૮ | તુવેરદાળ | ૭૦૦ મણ |
| ૯ | બેસનનો લોટ | ૧૦૦૦ મણ |
| ૧૦ | મગદાળ | ૪૦૦ મણ |
| ૧૧ | ખીચડીના ભાત | ૬૦૦ મણ |
| ૧૨ | ગોળ | ૩૦૦ મણ |
| ૧૩ | અડદની દાળ | ૨૦૦ મણ |
| ૧૪ | મેંદાનો લોટ | ૩૦૦ મણ |
| ૧૫ | વાલ | ૧૫૦ મણ |
| ૧૬ | મગ | ૧૫૦ મણ |
| ૧૭ | ચોળી (નાની) | ૧૫૦ મણ |
| ૧૮ | ચોળી (મોટી) | ૧૫૦ મણ |
| ૧૯ | તુવેર | ૧૫૦ મણ |
| ૨૦ | ચણા | ૧૫૦ મણ |
| ૨૧ | ચણા (કાબુલી) | ૧૫૦ મણ |
| ૨૨ | તજ | ૧૦૦ કીલો |
| ૨૩ | લવિંગ | ૧૦૦ કીલો |
| ૨૪ | હળદર | ૨૫૦ કીલો |
| ૨૫ | ગરમ મસાલો | ૧૦૦ કીલો |

મોટા-મોટા શહેરોમાં **મહામંત્ર મહોત્સવ**ની **જાહેરાત** માટે વિશાળ હોર્ડિંગ બેનરો લગાડવામાં આવ્યા. નગરો અને ગામડાઓની ગલીએ ગલીએ બેનરો અને પોસ્ટરો લગાવવામાં આવ્યા. લક્ષ્ય ચેનલ અને ઈન્ટરનેટના માધ્યમથી ગુજરાતના ઘરો-ઘરમાં દરેક વ્યક્તિ સુધી મહામંત્ર મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણીમાં પધારવા માટે **આમંત્રણ** પાઠવવામાં આવ્યું.

ઈલેક્ટ્રોનિક મીડિયા તેમજ જાહેર હોર્ડિંગ બેનરો તેમજ દિવાલ બેનરોના માધ્યમથી ઘણી જાહેરાત થઈ તેમજ જાહેર આમંત્રણ


















સભા દ્વારા મહોત્સવનું આમંત્રણ પાઠવવામાં આવ્યું. તેમ છતાં આપણી **ભારતીય સંસ્કૃતિની ધરોહર**ના **રક્ષક** પ.પૂ. લાલજી મહારાજશ્રીની **આજ્ઞા** થઈ કે, અમારા આત્માના સાચા સગા, અમારા વિશાળ સત્સંગ પરિવારના એક-એક નાનામાં નાના હરિભક્તના ઘર સુધી દરેક અલગથી આમંત્રણ મળવું જ જોઈએ અને તેના માટે ઘર-ઘર સુધી કંકોત્રીઓ પહોંચાડવી જ જોઈશે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા થતા ૧,૨૫૦૦૦થી પણ વધુ પારંપરિક રીતે અને સવિશેષ કલાત્મક **આમંત્રણ પત્રિકા** છાપવામાં આવી અને ખૂબ બહોળા પ્રમાણમાં કાર્યરત કરવામાં આવેલા સ્વયંસેવક હરિભક્તો તેમજ સંતો દ્વારા ગામડે-ગામડે સત્સંગીઓના એકેએક ઘર સુધી તેને પહોંચાડવામાં આવી.

નેહથી નિતરતા નિમંત્રણની નેહડોરીથી બંધાઈને સેંકડોની સંખ્યામાં હરિભક્તોના વિવિધ કાફલાઓ વિવિધ ગામ-શહેર અને નગરોમાંથી, દેશ-વિદેશમાંથી ૨૦મી તારીખથી જ જૂનાગઢમાં આવવા લાગ્યા હતા. આ હરિભક્તો હતા આપણા આ મહામહોત્સવના **ઘરધણી** એટલે કે ૭૦૦૦ હજારથી પણ વધારે સંખ્યામાં એ **સ્વયંસેવકો** - કે જેઓએ કરેલી નિષ્કામ સેવાને નતમસ્તક થઈ સો-સો સલામ કરવાનું મન થાય. પરસેવો પાડીને એક-એક મહિના અગાઉથી મહોત્સવની દાદ માંગી લે એવી સેવા કરનાર સંતો-પાર્ષદો અને હરિભક્તોની ટૂકડીની સાથે જોડાઈને આ હરિભક્તોએ કરેલી સેવાથી જ તેઓ ભગવાન શ્રીહરિના **હૃદયના શણગાર** બની ગયા છે...!!!

સુવ્યવસ્થિત આયોજનબધ્ધ યોજનાઓથી રચાયેલી **આયોજક સમિતિ**ના અનેક વિભાગોના મુખ્ય આયોજકો, સહ આયોજકોની નીચે યથાવશ્યકતા સ્વયંસેવકો અને આ બધાના માર્ગદર્શક પૂ. સંતો અને સંતોના પણ માર્ગદર્શક પ.પૂ. લાલજી










મહારાજશ્રી. આ રીતે સુંદર આયોજન વ્યવસ્થા કરવામાં આવી. આ આયોજન સમિતિનું **જમા પાસુ** એ હતું કે, સમગ્ર મહોત્સવના મુખ્ય આયોજક સ્વયં પ.પૂ. લાલજી મહારાજશ્રી જ હતા. બીજા પણ સંતો તેમજ હરિભક્તો તેઓની પાસે **સ્વયંસેવકો** જ હતા...!!

રાત્રિ કાર્યક્રમો માટે સમગ્ર મહોત્સવ સ્થળને રંગબેરંગી **રોશની**ઓથી ઝગમગાટ કરવામાં આવ્યું હતું. કલાકુશળ સંતો-પાર્ષદો તેમજ હરિભક્તોના સંયોગથી સભામંડપ તેમજ ૧૫૦x૮૦ ફૂટના વિશાળ સ્ટેજને **સુશોભન** કરવામાં આવ્યું. વિશાળ સભામંડપમાં છેક છેડે બેઠેલા શ્રોતા હરિભક્તને પણ વક્તાશ્રીની નજીકમાં કથાશ્રવણ કરવા જેવો આનંદ મળે એવી સુંદર વ્યવસ્થાના ભાગરૂપે સભામંડપમાં ૧૨x૮ ફૂટ સાઈઝમાં કેટલાક LED **સ્ક્રીન** મૂકવામાં આવ્યા હતા. કોઈ કારણવશાત્ કોઈ ભક્તજન આ મહોત્સવનો લાભ લેવા માટે કદાચ ન આવી શકે એવા ભક્તજનોને તેમજ એ સિવાય પણ બીજા ઘણા બધા ધર્મપ્રેમીઓને ઘેર બેઠા મહોત્સવનો લાભ મળી શકે તે માટે 'લક્ષ્ય' ચેનલના માધ્યમથી 52 દેશોમાં તેમજ ઈન્ટરનેટના માધ્યમથી દુનિયાભરમાં LIVE પ્રસારણ કરવાની સંપૂર્ણ તૈયારી અદ્યતન ટેકનોલોજીઓ દ્વારા કરવામાં આવી હતી.

અહોહો... ઘણું લાંબુ લખાઈ ગયું. હવે વધુ નથી લખવું પણ ટૂંકીને ટચ વાત ૨૧ ડિસેમ્બરની સંધ્યા ઢળતા પહેલા આંતરરાષ્ટ્રીય દ્વિતીયચરણ **'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ'**ના **શુભારંભ** માટે સમગ્ર મહોત્સવ સ્થળ સજ્જ થઈને ઉદ્‌ઘાટનની **મંગળ ઘડીઓનું માધ્યમ** બનવા માટે આતુર થઈ રહ્યું હતું...!!!



# સુવર્ણ પદ્મશિલા અનાવરણવિધિ

૨૨ ડિસેમ્બર, માગશર વદ - ૫નો પવિત્ર દિવસ મહાન **ઐતિહાસિક ઘટનાઓ**નો સાક્ષી બનવા માટે સૂરજ આજ જાણે કંઈક અનોખી અદામાં ઊગી ગયો હતો. અને પોતાની સોનેરી કિરણો દ્વારા વિશ્વભરમાં મહામંત્ર મહોત્સવના **પ્રથમ દિવસ**ની જાહેરાત કરતો હતો. ગુલાબી ઠંડીની લહેરો પોતાની ઝોળીઓમાં ભરીને લાવતો પવન સૂરજના તડકા સાથે મળીને ચોતરફ આનંદની લેરખીયો પાથરતો હતો. જવાહર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **ભગવાન શ્રીહરિ સ્થાપિત** મુખ્ય છ ધામોમાંથી એક ભવ્ય અને દિવ્ય **પ્રાસાદિક મંદિર**ના પટાંગણની ઉપરના આકાશમાં આમતેમ ઊડતા પક્ષીઓ શોર-બકોર કરતા હતા. જાણે દેવતાઓ પક્ષીઓના રૂપ લઈને આવ્યો હોય ને શું ? એવું લાગતું હતું...!!

બસ, એ જ વખતે શ્રી હરિકૃષ્ણ મહારાજ - શ્રી રાધારમણ દેવ આદિ દેવોની શણગાર આરતી કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા મંદિરના ઉત્તુંગ કલાત્મક શિખરોની **સુવર્ણ પદ્મશિલાઓ**નો **અનાવરણવિધિ** કરવામાં આવ્યો. આખું પટાંગણ જયઘોષના નાદથી ગાજી ઊઠ્યું અને મહોત્સવના શુભારંભનો એક નવો જ ઉત્સાહ ચારેબાજુ પથરાઈ ગયો.















# મહામંત્ર અખંડધૂન

જયઘોષના નાદ ચોતરફથી ગૂંજતા જ હતા. મંદિરનું આખું પરિસર અકડેઠઠ ભક્તજન મેદનીથી છલકતું હતું. સુવર્ણ પદ્મશિલાનું અનાવરણ કરી પ.પૂ. બંને લાલજી મહારાજશ્રી પૂ.સંતો-પાર્ષદો સહિત **અખંડધૂન** માટે તૈયાર કરવામાં આવેલા **મંચ** પર પધાર્યા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના શ્રીમુખેથી જ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર ધૂનને વાતાવરણના સ્પંદનોમાં ગૂંજતી કરી. જેને લક્ષાવધિ ભક્તજનોએ ઝીલીને હૃદયની ઊર્મિઓ ભેળવીને એવા ગેબી પડછંદાથી ગાઈ કે એ ધૂનનો સૂર છેક અક્ષરધામ સુધી પહોંચ્યો અને અક્ષરધામાધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે જાણે સમગ્ર મહોત્સવ દરમ્યાન 'હું તમારી સાથે જ છું' એવો કોલ આપ્યો એવી અનુભૂતિ ત્યાં ઉપસ્થિત તમામ નર-નારીઓને થઈ...!! અને ત્યારથી સમગ્ર મહોત્સવ દરમ્યાન આ અખંડધૂનનો **શુભારંભ** થયો.









# દિવ્ય પોથીયાત્રા

હવે જૂનાગઢના ઝાંઝરડા રોડ પર ટ્રાફિકજામ થવા લાગ્યો હતો. તમને જાણીને આશ્ચર્ય થશે કે, આ ટ્રાફિક વાહનોની નહોતી પણ માણસોની હતી. અને હજુ ટ્રાફિક વધતી જ જતી હતી...!!

અવસર હતો 'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ' અંતર્ગત થનારી **'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'** અને **૫૧ સંહિતાપાઠની પોથીયાત્રા**નો. ઝાંઝરડા રોડ સ્થિત **શ્રી વૈષ્ણવ હવેલી મંદિર**ની અંદર અને બહાર હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો સમગ્ર ધર્મકુળ પરિવાર તેમજ કથાના ત્રણેય વક્તાશ્રીઓની રાહ જોઈને ઊભા હતા.

પૂર્વનિર્ધારિત સમયે પ.પૂ. લાલજી મહારાજશ્રી, વક્તાશ્રીઓ તેમજ અનેક બ્રહ્મનિષ્ઠ સંતો-પાર્ષદોની સાથે ત્યાં પધાર્યા. યજમાનશ્રી દ્વારા ઠાકોરજી તથા પોથીજીનું **પૂજન** કરીને **આરતી** ઉતારવામાં આવી. ત્યારબાદ મુખ્ય પોથીજી તેમજ **સંહિતાપાઠ**ની **પોથીજી**ને યજમાનશ્રીઓના મસ્તક પર પધરાવી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સુંદર બગી પર આરૂઢ થયા. ત્યારપછી વક્તાશ્રીઓને પણ બગીમાં આસીન કરવામાં આવ્યા. તમામ સંતો-પાર્ષદોને યથા મર્યાદા **બગી** તેમજ અન્ય **કલાત્મક વાહનો**માં બેસારવામાં આવ્યા.

DJ તેમજ બેન્ડના પડઘમોમાં ગૂંજતા કીર્તનપદો અને અખંડધૂનના સૂરોની સાથે નાચતા-કૂદતા હજારો હરિભક્તોની સાથે ૨૪ કોચની ટ્રેનથી પણ વધુ લંબાઈવાળી પોથીયાત્રા જૂનાગઢ શહેરના માર્ગોને પવિત્ર કરતી કરતી **મહોત્સવ સ્થળ** સુધી પહોંચી.









# દિપ પ્રાગટ્ય તથા મહોત્સવ ઉદ્‌ઘાટન

પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત **પોથીયાત્રા** મહોત્સવ સ્થળ સુધી પહોંચી ત્યાં સુધીમાં તો હરિભક્તોએ **સભામંડપ** છલકાવી દીધો હતો. છત્ર, અબદાગીરી અને ચમર ઢોળનારા પાર્ષદો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ત્રણેય વક્તાશ્રી તેમજ અનેક બ્રહ્મનિષ્ઠ સંતોની સાથે રાજાશાહી ઠાઠમાઠથી સભામંડપમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી માટે બનાવવામાં આવેલા વિશિષ્ટ ઉચ્ચ માર્ગ પરથી મંચ તરફ **પ્રસ્થાન** કર્યું એટલે તમામ સભાજનોએ પોતાના સ્થાન પર જ ઊભા થઈને **જયઘોષ**ની સાથે અંતરની ઊર્મિઓથી વધાવી લીધા હતા.

સભામંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **શુભાગમન** થયું એટલે તેઓશ્રીના વરદ્ હસ્તે **મુખ્ય પોથીજી** વેદોક્તવિધિ પુરઃસર વ્યાસપીઠ પર પધરાવવામાં આવ્યા. મંચના મધ્યભાગમાં ચાંદીના કલાત્મક દીપક મૂકવામાં આવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા બ્રહ્મનિષ્ઠ વડીલ સંતો તેમજ યજમાનોએ મહોત્સવનો **દીપ પ્રાગટ્ય** કરીને મહોત્સવનો શુભારંભ કર્યો. જેને ભક્તજનોએ કરતલ ધ્વનિ સાથે **જયઘોષ**થી વધાવી લીધો હતો.

મહોત્સવના શુભારંભે શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ (સરધાર)ના યુવાનોએ **નૃત્યગીત** દ્વારા અનોખી શૈલીથી સમગ્ર મહોત્સવ અંતર્ગત ઉજવાવનારા માણવા યોગ્ય વિશિષ્ટ **તમામ પ્રસંગોની રૂપરેખા** આપતા થકા મહોત્સવમાં ઉપસ્થિત સમગ્ર ધર્મકુળ પરિવારનું **અનોખું સ્વાગત** કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ્રારંભિક **મંગલ આશીર્વાદ** દ્વારા પોતાના **શબ્દ કુસુમો** વેર્યા હતા.











'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ' અંતર્ગત

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ








પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા થઈ મહોત્સવના પ્રાણસમાન 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'ને **મંગલ આરંભ** કરવાની. તેથી ચેરમેન પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - એ ત્રણેય સંપ્રદાયના મૂર્ધન્ય અને સુપ્રસિદ્ધ **વક્તાશ્રીઓ** વ્યાસપીઠ પર બિરાજમાન થયા. યજમાનશ્રીઓ દ્વારા **પૂજન** તેમજ **આરતી** કરવામાં આવી હતી. ત્યારબાદ વક્તાશ્રીએ ગ્રંથરાજનું **મંગળાચરણ** કરી કથાનો **પ્રારંભ** કર્યો હતો. આ રીતે તા. ૨૨ થી ૩૦-૧૨-૨૦૧૩ સુધી શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના હૃદયગત સિદ્ધાંતોને વરેલા ત્રણેય પૂ. વક્તાશ્રીઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતો સમજાવવાનો પોતાની આગવી શૈલીમાં **સફળ પ્રયાસ** કર્યો હતો.

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનો **મહિમા** અપરંપાર છે, તેનું યથાર્થ **વર્ણન** કરવા માટે તો શબ્દો ઓછા પડે. આ ગ્રંથની **સર્વોપરિતા** એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં સાંભળીને આ ગ્રંથને પ્રમાણિત કરેલ છે. આ ગ્રંથમાં સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો અને ધાર્મિક વિધિવિધાનોની સાથે સાથે સુખ-શાંતિપ્રદ મોક્ષમૂલક ભગવાન શ્રીહરિના **લીલાચરિત્રો**નું અખંડ **સ્મરણ** થાય છે.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથ સંપ્રદાયના પોષણ, પ્રચાર અને પ્રસાર માટે **સર્વોપરી ગ્રંથ** છે. અને તમામ મુમુક્ષુ જીવાત્માઓ તથા સંપ્રદાયના આશ્રિત સર્વે સંતો-હરિભક્તો માટે **અમૂલ્ય** અને **અનન્ય દિવ્ય ખજાનો** છે. માટે દરેક મોક્ષભાગી જીવાત્માઓએ આ ગ્રંથનું **વાંચન-શ્રવણ-મનન** દરરોજ કરવું જોઈએ.

સદ્. શતાનંદ સ્વામી આ ગ્રંથનો મહિમા વર્ણવતા લખે છે : 'अत्यादरेण यैः पीतं सत्सङ्गिजीवनामृतम् । कालव्यालमहात्रासमुक्तास्ते यान्ति तत्पदम् ॥' અતિ આદરપૂર્વક જેઓ આ **સત્સંગિજીવનરૂપી અમૃત** પીએ છે તેઓ કાળરૂપી મોટા





સર્પના ત્રાસથી છૂટીને ભગવાનના **ધામ**ને પામે છે. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૪૪)

આ આખો ગ્રંથ તો શું પણ સ્વામી કહે છે : 'मुहूर्तं वा तदर्धं वा क्षणं वाऽस्य शुभां कथाम् । ये शृण्वन्ति नरा भक्त्या न तेषामस्ति दुर्गतिः ॥' એક મુહૂર્ત અથવા અડધું મુહૂર્ત અથવા એક ક્ષણ વાર પણ જો માણસ **શ્રદ્ધા-ભક્તિપૂર્વક** આ **કથા** સાંભળે છે તો તેની કોઈ દિવસ અસદ્‌ગતિ થતી નથી.

(શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૨/૧૧)

# ધર્મ ઘેર આનંદ ભયો, જય બોલો શ્રી ઘનશ્યામ કી...










૨૩ ડિસેમ્બર, માગશર વદ - ૬નો મંગલ દિવસ. આગળના દિવસથી જ મહોત્સવ સ્થળના એન્ટ્રી ગેઈટ પાસે જ ખોલવામાં આવેલી પૂછપરછ કાર્યાલય તેમજ ઉતારા વિભાગના કાર્યાલયો પર ભીડ હતી. આખી રાત્રિ નવા આગંતુક હરિભક્તોની એવી જ ભીડ જે આજેય ઘટવાનું નામ નહોતી લેતી, ઉલ્ટાની વધતી જતી હતી. તેમ છતાં સભામંડપમાં બેસવાની જગ્યા નહિ મળે એવી બીકથી કથારસિક ભક્તજનોએ જલ્દી-જલ્દી પરવારીને સભામંડપમાં યથાસ્થાન બેસી જઈને **સભામંડપ** ભરી દીધો હતો. સવારની કથાના વક્તા પૂ. ચેરમેન સ્વામીએ ભગવાન શ્રીહરિના પૃથ્વી પર **આગમન નિમિત્તો**ની **મધુરગાથા** કહીને મહાપ્રભુ શ્રીહરિને પ્રાગટ્ય થવાનો પટ બાંધીને તૈયાર કર્યો હતો. બપોર પછીના સત્રમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પિતા ધર્મદેવ અને ભક્તિ માતાના જન્મની દિવ્યગાથા કહીને મહાપ્રભુ પ્રાગટ્યના **સંકેતો** આપ્યા તો ધર્મ-ભક્તિના શુભવિવાહની ગાથા કહીને સંકેતો પર મહોર મારીને ભક્તજનોને આનંદરસથી તરબોળ કરી દીધા. જ્યારે **ધર્મ-ભક્તિ**ના **દાંપત્યજીવન**માં અસુરો





દ્વારા દુઃખના પહાડો ફેંકવામાં આવ્યા એ **કરુણ કથા**ના માધ્યમથી શ્રોતાઓની આંખના ખૂણા ભીના કરી દીધા...!! વૃંદાવનમાં ભગવાન શ્રીહરિએ ટૂંકસમયમાં જ ધર્મ-ભક્તિને ઘેર પ્રગટ થવાનો આપેલો કોલ અને અશ્વત્થામાએ 'હથિયાર નહિ ધારણ કરે' એવા આપેલા શાપની કથા પછી હવે **'શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય'**નો સમય દૂર નહોતો.

છપૈયાની ભાગ્યવંતી ભૂમિની એ **દિવ્યગાથા** પોતાની અદ્‌ભુત શૈલીમાં કહેતા કહેતા પૂ. વક્તાશ્રીએ મહામંત્ર મહોત્સવના સભામંડપને **છપૈયા** બનાવી દીધો અને તમામ સંતો-ભક્તો બની ગયા **છપૈયાના નર-નારીઓ...!!** હવે ચિત્તથી છપૈયામાં બેઠા-બેઠા તમામ નર-નારીઓ **શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય**ની આતુરતાથી રાહ જોતા હતા...,

પૂ. વક્તાશ્રીએ **વર્ણન** શરૂ કર્યું : 'પડવો... બીજ... ત્રીજ... આઠમ.' પછી ચોપાઈ લલકારી 'નવમી તિથિ **મધુમાસ** પુનિતા.....' ચોપાઈ પુરી થઈ. તબલા પર થાપ પડી, ઝાંઝ, મૃદંગ ઝણઝણી ઉઠ્યા..., પૂ. વક્તાશ્રીની સાથે શ્રોતાગણોના ગાત્ર પણ પુલકિત થયા... એ જ વખતે કથાના માધ્યમથી **પૂર્ણ પુરુષોત્તમનારાયણ**નું બાળપ્રભુ રૂપે **પ્રાગટ્ય** થયું... અને આખોય સભામંડપ નાચી ઉઠ્યો... ઝૂમી ઉઠ્યો... નરનારીઓ દેહભાન ભૂલી ગયા. ભૂલી ગયા બધા કે અમો જૂનાગઢમાં છીએ. ૨૧મી સદીમાં છીએ, બધા ૧૮મી સદીના છપૈયામાં પહોંચી ગયા. અને ત્યાં જ રહીને ધર્મદેવના આંગણામાં **અદ્‌ભુત ઉત્સવ** કરવા લાગ્યા...!!

મંચ પર સંતો-પાર્ષદોની સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી આ દિવ્ય **પ્રાગટ્ય મહોત્સવ**ના રાસમાં જોડાયા. **સોનામાં સુગંધ** તો ત્યારે ભળી જ્યારે સંતો-પાર્ષદોની સાથે બંને બાળલાલજી મહારાજશ્રી ઠુમક-ઠુમક નાચવા લાગ્યા. તમામ સંતો-પાર્ષદો, તમામ હરિભક્તો ખૂબ ભાવથી, પ્રેમથી દેહભાન ભૂલીને ઉત્સવમાં ઓત-પ્રોત થઈ ગયા. ખૂબ નાચ્યા, ખૂબ કૂદ્યા... અને દિવ્યતાથી 'શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય'નો ઉત્સવ ઉજવાઈ ગયો.









# ધર્મધુરા ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ









૨૫ ડિસેમ્બર, માગશર વદ ૮. સવારની કથાના વક્તા હતા **પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી.** આજની કથામાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે **ગૃહત્યાગ** કરીને વનની ગહેરી વાટ લીધી. બાળયોગી નીલંકઠ વર્ણીનું રૂપ ધારણ કરીને ભારત આદિક છ દેશોમાં **વનવિચરણ** કર્યું. વનવિચરણની ગાથા અંતર્ગત પહોંચ્યા **રૈવતાચળ**ની **ગોદ**માં અને ત્યાં જ સવારના સત્રમાં કથાએ વિરામ લીધો.

બપોર પછીના સત્રમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**એ મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીના **જૂનાગઢ આગમન**ના **પ્રસંગ**ની હરખભેર ઉજવણી કરી અને ત્યારબાદ લોજમાં સુખાનંદ સ્વામીનું મિલન અને વનવિચરણની પૂર્ણાહુતિ, પીપલાણામાં સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી સાથે મિલાપ અને **ભાગવતી દીક્ષા** આપીને નારાયણમુનિ તથા સહજાનંદ સ્વામી એ **બે નામ** આપ્યા તેની રોમાંચક કથા સંભળાવી. હવે પ્રસંગ હતો શ્રી સહજાનંદ સ્વામીને **ધર્મધુરા** સોંપવાનો. જેતપુરમાં ઉન્નડબાપુનો એ ભાગ્યશાળી દરબારગઢ જ્યાં સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને પોતાના **ઉત્તરાધિકારી** તરીકેની **આરતી** પોતાના સ્વહસ્તે ઉતારી - એ દિવ્યગાથા જ્યારે ચાલતી હતી ત્યારે બધા ભક્તજનોના હૃદયમાં ક્યો પ્રસંગ ચાલતો હતો એ લખવાની જરૂર નથી લાગતી...!! કારણ કે, તમે બધા સમજી ગયા હશો, પણ 'Don't worry' એ અવસર હવે દૂર નથી.

પૂ. વક્તાશ્રીએ દબદબાપૂર્વક ગાદિ-પટ્ટાભિષેકની દિવ્યગાથા સંભળાવી ત્યારે આખો સભામંડપ આનંદવિભોર થઈ ગયો અને બધા નાચી ઉઠ્યા સંગીતના તાલે...!!! જાણે કે અત્યારે જ સભામંડપમાં શ્રીજીમહારાજનો **પ્રથમ ગાદી પટ્ટાભિષેક મહોત્સવ** ઉજવાઈ રહ્યો હોય એવું **દિવ્ય વાતાવરણ** ખડું થયું હતું. પ્રસંગને અનુરૂપ કીર્તનો, ઉત્સવીયા સંતો-ભક્તોએ રાસ અને નૃત્યની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યજમાનશ્રીઓ તથા સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો **પંચામૃત** સહિત કેસર વગેરે સુગંધિત જળોથી અને વેદોક્ત મંત્રોચ્ચારના ગાન સાથે **અભિષેક** કરવામાં આવ્યો હતો. પછી પટ્ટાભિષેકના અંતમાં યજમાનશ્રીઓ દ્વારા સહજાનંદ સ્વામીની **આરતી** ઉતારવામાં આવી હતી.

આજના દિવસે સભામંડપ અકડેઠઠ ભર્યો હતો. હવે સભામંડપમાં બેઠેલા શ્રોતાઓને પગની પલાંઠી ફેરવવાની પણ જગ્યા રહી ન હતી. આયોજકોને સભામંડપ વધારવાની ફરજ પડી હતી. રાત્રિએ ખૂબ જહેમત ઉઠાવીને સભામંડપ વધારીને ત્યાં પણ વધુ બે LED સ્ક્રીન મૂકવામાં આવ્યા.

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી





૨૬ ડિસેમ્બર, માગશર વદ - ૮. સભામંડપ હવે વધારવાથી પહોળો થઈ ગયો હતો, તેમ છતાં હજુ પણ આજે સવારથી જ સાંકડો પડવા લાગ્યો હતો. ભાવિક ભક્તોનો ધસારો જ એટલો હતો તો...!! તેમ છતાં ભક્તજનોની **શિસ્તતા** અને **મર્યાદા**ને દાદ દેવી પડે તેવી હતી. કારણ કે, લાખોની સંખ્યામાં વિશાળ ભક્તજન સમુદાય હોવા છતાં સભામંડપમાં ટાંકણી પડે તો ય અવાજ આવે એટલી શાંતિ હતી...!!

કથાના વક્તા હતા **પૂ. વિવેકસ્વરૂપદાસજી સ્વામી.** કથા હતી ભગવાન શ્રીહરિએ ધર્મધુરા સ્વીકાર્યા પછી સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીની સાથે **સોરઠ પ્રદેશ**ના ગામડાઓના **વિચરણ**ની અને ગુરુવર્યના અક્ષરધામ સિધાવ્યાની. ત્યારબાદ **ફરેણી** ગામની સભામાં કરેલા **પ્રથમ ધર્મોપદેશ**ની એટલે કે શ્રી સત્સંગિજીવન ગ્રંથરાજના પ્રથમ પ્રકરણની સમાપ્તિ અને દ્વિતીય પ્રકરણના પ્રારંભની સંપ્રદાયના **પાયારૂપ** કથા.

પૂ. વક્તાશ્રીએ એ **પાવન પ્રસંગ**ને વર્ણવ્યો. ભગવાન શ્રીહરિના સ્વમુખેથી પોતાનું અનાદિનું નામ, જે વેદોના ગહરા રહસ્યોમાં ઊંડે ઊંડે પડ્યું હતું. વિશ્વના સૌથી ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ અને પાવનકારી **'શ્રી સ્વામિનારાયણ' નામ**ની જ્યારે **ઉદ્‌ઘોષણા** થઈ એ વખતે જેવું દિવ્ય અને ભવ્ય વાતાવરણ હતું એવું જ વાતાવરણ મહોત્સવના સભામંડપમાં છવાઈ ગયું હતું. કથાના માધ્યમથી ભગવાન શ્રીહરિએ જ્યારે **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર**ની **ઉદ્‌ઘોષણા** કરી ત્યારે આબાલ-વૃદ્ધ સૌ તન્મય થઈને નાચવા લાગ્યા હતા. **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્ર ધૂનના ગૂંજથી જાણે આખું બ્રહ્માંડ ગૂંજતું હોય એવા **ગેબી નાદો** થવા લાગ્યા હતા. સમગ્ર પ્રકૃતિ **મંત્રમય** થઈ ગઈ હતી. આ જ **મહામંત્ર પ્રાગટ્ય દિન** તા. ૨૯-૧૨-૨૦૧૩ માગશર વદ - ૧૧ના દિવસે પણ ઉપરોક્ત પ્રમાણે ખૂબજ ભવ્યતાથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ (સરધાર)ના યુવાનોએ **નૃત્યગીત** દ્વારા મહામંત્ર પ્રાગટ્ય દિનને વધાવ્યો હતો.







# અન્નકૂટ મહોત્સવ









૨૭ ડિસેમ્બર, માગશર વદ - ૯/૧૦. મહોત્સવનો રંગ દિવસેને દિવસે નિખરતો જતો હતો. એકસે બઢકર એક **દિવ્ય પ્રસંગો** જિંદગીના પસાર થતા સમયની દિવાલો પર સુવર્ણ અક્ષરોએ કોતરાતા જતા હતા. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના **સમકાલીન** બનેલા એ પ્રસંગોની **કથા** કચ્છ-ગુજરાત અને સોરઠની ભાગ્યવંતી ભોમકાથી પસાર થઈ ગયેલા અતીત જેવી નહિ, પરંતુ અત્યારે જ ઘટી રહેલા વર્તમાનની જેમ **તાદૃશ્ય** લાગતી હતી..!! એટલે જ કહી શકાય કે, મહોત્સવ માત્ર **ભવ્ય** જ નહિ, પરંતુ **દિવ્ય** પણ એવો જ હતો.

આજે ગઢપુરના પ્રેમની સુમધુર ગાથા વક્તા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના સુમધુર કંઠે ગવાતી હતી. મંચ પર ઠાકોરજીના સિંહાસન સમક્ષ જ ભવ્ય **અન્નકૂટ** રચાયો હતો. બપોર પછીના સત્રમાં **ઉત્સવોના જ પ્રસંગો** હતો. પૂ. વક્તાશ્રીએ ભગવાન શ્રીહરિના લીલાચરિત્રોની દિવ્યતા, ભવ્યતા અને સંતોના વૈરાગ્યની **ખુમારી** ભરી એવી ગાથા કે જે શ્રોતાઓના હૃદયને સંસારથી નિઃસ્પૃહ કરી નાખતા પ્રસંગો તેમજ ગઢપુરવાસી એભલબાપુના પરિવારના પ્રેમની એવી ગાથા કે, જે દિલને ભગવાનના અદ્‌ભુત મિલનમાં સ્નિગ્ધ કરી દેતી હતી. આંખોમાં આંસું આવી જાય અને ગાત્રો પુલકિત થઈ જાય તેવા કથાના પ્રસંગોથી સભામંડપમાં બેઠેલા ભાવિક શ્રોતાઓ દેહભાન ભૂલી **પ્રભુમય** થઈને નાચવા માંડે એવી **દિવ્ય ગાથાઓ** ચાલતી હતી.

તેમાં પણ આજની કથાના હાર્દસમાન **ગઢપુર**ના **અન્નકૂટ**નો **દિવ્ય પ્રસંગ.** દાદાના દરબારમાં શ્રી વાસુદેવનારાયણની સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવ્યો તેનું પૂ. વક્તાશ્રી દ્વારા **આબેહૂબ દૃશ્ય** મંચ ઉપર ખડું કરીને ઠાકોરજી સમક્ષ **છપ્પનભોગ અન્નકૂટ** પૂરવામાં આવ્યો હતો.












# શ્રીહરિ સંગે કરીએ રાસોત્સવ

૨૮ ડિસેમ્બર, માગશર વદ - ૧૧. ગત રાત્રિઓના સાંસ્કૃતિક કાર્યક્રમાદિથી થયેલ ઉજાગરાઓ અને તેમાં પણ કાળજું કંપાવી દે એવી કાતિલ ઠંડી હોવા છતાં કથાના સમય પહેલા જ સભામંડપ સંપૂર્ણ ખીચોખીચ ભરાઈ જતો હતો. એ પણ રસ્તે રખડતા આલી-મવાલી નહિ, પરંતુ કપાળમાં શોભતા ભભકાદાર તિલક-ચાંદલાઓથી ઝળકતા ભાલ યુક્ત ઉજ્જવળ ચારિત્ર્યવાન ભાવિક ભક્તોથી. એ પણ આ મહોત્સવની એક **દિવ્યતા** હતી. લાખોની સંખ્યામાં હરિભક્તો સભામંડપમાં હતા તેમ છતાં કોઈના મોઢામાં સોપારીનો ટુકડોય નહોતો, તો બીજું વ્યસન તો હોય જ ક્યાંથી...? એવા સહજાનંદની ખુમારીથી જીવતા હરિભક્તોથી **સભામંડપ** ભરાઈ ગયો હતો. બહાર ઠંડી ખૂબ હતી પણ સભામંડપમાં નહોતી લાગતી. કારણ કે, **ભક્તજન સમુદાય** એટલો બધો હતો કે બધા એક-બીજાના **ઢીંચણ પર ઢીંચણ** રાખીને બેઠા હતા.

પૂ. વક્તાશ્રીએ પંચાળામાં ભગવાન શ્રીહરિએ કરેલ **દિવ્ય રાસોત્સવ**ની ગાથાનું વર્ણન કર્યું. સમગ્ર ધર્મકુળ તેમજ અનેક બ્રહ્મનિષ્ઠ સંતોની સભામંચમાં ઉપસ્થિતિ હતી. સંતો-પાર્ષદોએ ગાતરીયા વાળ્યા અને પંચાળાનો **દિવ્ય રાસ** આ મહામંત્ર મહોત્સવના મંચ પર આરંભાયો. નીચે સભામંડપમાં હરિભક્તોએ પણ રાસનો પ્રારંભ કર્યો.



વ્રજમાં જેમ **એક કાનને એક ગોપી**નો રાસ રચાયો હતો તેમ આજે આખાયે સભામંડપમાં બધાને એવો જ **અહેસાસ** થતો હતો કે, હું શ્રીજીમહારાજની સાથે જ રાસ રમું છું. આવું **દિવ્ય દશ્ય** જોઈને પછી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**નું પણ હૈયું હાથમાં કેમ રહે ? તેઓ પોતાના આસન પરથી નીચે ઉતર્યા અને સંતોની સાથે રાસમાં જોડાયા ત્યારે સભામંડપમાં **જય હો.. જય હો...**ના નાદ થવા લાગ્યા. એટલું જ નહિ, પિતાશ્રીની સાથે **બાળલાલજી મહારાજશ્રી** પણ રાસમાં જોડાયા હતા. આ રીતે **પંચાળાનો દિવ્ય રાસોત્સવ** આજે મંચપર **તાદશ્ય** થયો હતો.




# ધર્માચાર્ય - સંત સંમેલન

## ૨૮ ડિસેમ્બર, માગશર વદ - ૧૧.

